# પ્રાંતિજ તાલુકામાં ફુલાવરના ભાવ ન આવતા ખેડૂતોમાં નિરાશા

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠાના પ્રાંતિજમાં મુખ્યત્વે શાકભાજીનું વાવેતર કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે શિયાળામાં માવઠું થતા શાકભાજીના પાકમાં મોટા પાયે નુકશાન થયું છે. અને ખેડૂતો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. તો બીજી તરફ હાલ એક સાથે પુષ્કળ પ્રમાણમાં ફુલાવરનો પાક થયો હોવાથી તેના ભાવ સાવ ગગડી ગયા છે અને ખેડૂતોને પડયા પર પાટુ જેવી પરિસ્થિતિનો સામનો કરવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિતના ગામડાઓમાં મુખ્યત્વે શાકભાજીની ખેતી કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને ફુલાવરનો પાક લેવામાં આવે છે. આ વર્ષે પણ ખેડૂતોએ મોંઘાદાટ બિયારણ નાખી હજારો હેકટર જમીનમાં ફુલાવરનું વાવેતર કર્યું હતું. પરંતુ શિયાળામાં માવઠું થતા બજારો હેકટરમાં વાવેલ ફુલાવરના પાકને નુકશાન થયું હતું જયારે બીજી તરફ હાલ આ જ ખેતરોમાં પુષ્કળ પ્રમાણમાં ફુલાવરનો પાક થતા તેનો ભાવ સાવ ગગડી ગયો છે. આથી ખેડૂતોને કાપણી કે માર્કેટમાં માલ લઈ જવા સુધીની મજુરીના પૈસા પણ મળતા નથી પરીણામે ખેડૂતોએ સંપૂર્ણ પાકનું નિકંદન કાઢી નાંખ્યું હતું આવી પરિસ્થિતિ થતા ખેડૂતોમાં ભારે નિરાશા વ્યાપી જવા પામી છે.

# ડીસા તાલુકા પોલીસે થેરવાડા ગામ પાસેથી ૧.૭૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો : બે ની કરી ધરપકડ

ડીસા, તા. ૨

ડીસા તાલુકા પોલીસે મળેલ બાતમી આધારે વોચ ગોઠવી રાત્રી પેટ્રોલિંગમાં વાહન ચકાસણી હાથ ધરી હતી જેમાં એક શકમંદ ઈનોવા ગાડી રોકી તપાસ કરતા તેમાંથી વિવિધ માર્કાની પર પ્રાંતીય બનાવટનો એક લાખ ઈકોતેર હજારની વિદેશી દારૂ મળી આવ્યો હતો, આ કામે પોલીસે ગાડીમાં સવાર બે વ્યક્તિની ધરપકડ કરેલ છે જ્યારે અન્ય એકને ઝડપી પાડવા કવાયત હાથ ધરેલ છે.

આ અંગેની ડીસા તાલુકા પોલીસ મથકેથી મળતી વિગતો જોઈએ તો ડીસા તાલુકા પોલીસમથકના પી.આઈ. આર.એમ. ભદોરિયાને ખાનગી રાહે બાતમી મળેલ કે રાજસ્થાન તરફથી એક ઈનોવા ગાડીમાં દારૂ જઈ રહ્યો છે જે બાતમી આધારે તેમને પોલીસ કર્મચારીઓની એક ટીમ બનાવી રાજસ્થાનના સાંચોરથી ડીસા તરફ આવતા થેરવાડા ગામ પાસે નાકાબંધી કરી વાહન ચકાસણી હાથ ધરી હતી. જેમાં શમકમંદ ઈનોવા ગાડી નંબર જીજે-૧-એચ-એફ-૬૮૪૫ સામેથી આવતા તેને રોકી તલાશી લેતા તેમાંથી વિવિધ માર્કાની વ્હિસ્કી તેમજ બીયર સહીતના પર પ્રાંતીય બનાવટના દારૂના જથ્થાની ૭૬૪ બોટલ કિંમત રૂપિયા ૧,૭૧,૬૦૦ તેમજ બે મોબાઈલ કિંમત-૨૦૦૦ સહીતનો કુલ મુદ્દામાલ પાંચ લાખ તોતેર હજાર છસોનો તપાસ અર્થે કબજે કરેલ છે. પોલીસે આ મામલે ઝડપાયેલા કિશન હીરાલાલ વિશ્નોઈ રહે. મીરપુર તાલુકો-સાંચોર, (રાજસ્થાન), કમલેશ બલવંત રામ વિશ્નોઈ રહે. કોટડા, તાલુકો-સાંચોર, (રાજસ્થાન) વાળાની વિધિસર પ્રોહીબીશન એક્ટ તળે ધરપકડ કરેલ છે. જ્યારે તપાસ દરમ્યાન આ દારૂનો જથ્થો વેચનાર મનોહર રત્નારામ વિશ્નોઈ રહે. કરડા, રાણીવાડા (રાજસ્થાન)ની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કરેલ છે.



તલોદમાં એલ્યુમિનિયમ ક્ષેત્રે નામના ધરાવનાર અગ્રણી પ્રવિણચંદ્ર કેશવલાલ શાહ (પી.ડી.આર.)નું ટૂંકી માંદગી બાદ આજરોજ રવિવારે અવસાન થયું છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રા તલોદ ખાતેના નિવાસ સ્થાનેથી નિકળી હતી. જેમાં સમાજના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ સહિત મોટી સંખ્યામાં અંતિમ યાત્રામાં નગરજનો જોડાયા હતા. (તસવીર : દશરથ વણઝારા, તલોદ)

# ગોઝારિયાની આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

દેશમાં પ્રજાસત્તાક પર્વ ધામધૂમથી ઉજવામાં આવ્યું. જેના ભાગરૂપે ગોઝારિયામાં આવેલી આદર્શ પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ શાળાના વિદ્યાર્થીઓને ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશની બુક દાતા દ્વારા ભેટ આપવામાં આવી હતી.





મહેસાણા તાલુકામાં આવેલા ગોઝારિયા ખાતે આદર્શ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓમાં પડી રહેલી શકિતઓને વિકસાવવા માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. ત્યારે શાળામાં ૬૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાનું સંચાલન એ.ટી.ડી. શિક્ષક અભયભાઈ પટેલની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં કલ્પના ઠાકોરે બનાવેલ ચિત્રને પ્રથમ નંબર આપવામાં આવ્યો હતો.

શાળમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વિકાસ પામે તેથી ૫૮ બાળકોને દિલીપ કૌર હરમિંદરસિંગ કૌર દ્વારા ગુજરાતી અને અંગ્રેજીનો શબ્દકોશ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના પરિવાર દ્વારા દાતાને અભિનંદન આપવામાં આવ્યા હતા.



મહેસાણા જિલ્લાના ચરાડુ પ્રાથમિક શાળામાં ૬૫માં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દાંતીવાડા કોલોનીમાં જાહેર શૌચાલય ન હોવાથી લોકો મજબુરે શરમ છોડતા નજરે પડે છે!

દાંતીવાડા, તા. ૨

દાંતીવાડા કોલોનીમાં જાહેર શૌચાલય ન હોવાથી લોકો કયાંક રસ્તાઓ પર તો કયાંક આવારું હોવાથી લોકો જાહેર રસ્તાઓ તેમજ આવારું જગ્યાઓ જેવા કે ગ્રામ પંચાયતની નિષ્કાળજીથી લોકોએ ગમે ત્યાં નાખેલા આમ જાહેર શૌચાલયનો પ્રશ્ન અવાર નવાર તાલુકા પંચાયતમાં ઉઠવા પામ્યો છે પરંતુ લોકોના પ્રશ્નને તાલુકા પંચાયત ન



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

જગ્યાઓમાં શૌચ ક્રિયાઓ કરતાં નજરે પડે છે. આ બધી વાત પુરુષો માટે તો ઠીક પણ મહિલાઓ માટે ખુબ જ મોટો પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડાનું મુખ્ય મથક કોલોની ખાતે કે જયાં તાલુકાની બધી જ મુખ્ય કચેરીઓ આવેલી છે પરંતુ કોલોની ખાતે જાહેર શૌચાલય ન કચરાના ઢગ જેવી જગ્યાઓએ મજબુર થઈ શૌચ ક્રિયાઓ કરવા લાચાર તેમજ શર્મીંદા થતા જોવા મળે છે. કોલોનીમાં દિવસે મોટી સંખ્યામાં આજુબાજુના લોકો બજારમાં વસ્તુ ખરીદવા આવતા હોય છે લોકો તેમજ માર્કેટના વેપારીઓ પણ આ બાબતે શરમ છોડવા મજબુર નજરે પડે છે.

સાંભળી તેમજ ગ્રામ પંચાયત કચરાનો નિકાલ ન કરી લોકો સાથે ના ઈન્સાફી કરતી હોય તેવું લાગી રહ્યું છે. લોકોમાંથી આ બાબતે પ્રમુખ તેમજ સરપંચ વિશે રોષ જણાય છે. લોકો કોલોનીમાંથી ગમે ત્યાં પડેલ કચરાનો નિકાલ અને જાહેર શૌચાલય બનાવવા માંગ કરી રહ્યા છે.

# ડીસામાં ડોગ શો યોજાયો અવનવા શ્વાનોથી ડીસા ઉભરાયું

ડીસા, તા. ૨

ડીસામાં ગતરોજ એક અનોખો ડોગ શો યોજાયો હતો. જેમાં સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા વેટરનરી હોસ્પિટલ સંચાલિત ડીસા ખાતે આવેલા પશુ હોસ્પિટલ ખાતે ગતરોજ ડોગ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫થી વધુ બ્રિડના અનેકો શ્વાનોએ ભાગ લેતા આ શો ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.



આ અંગે વિગતો જોઈએ તો ડીસાનાં ડોગ શો સવારે ૧૦ કલાકે શરૂ થયો હતો. જેમાં ડોગ શોમાં તેમની જાળવણી અને સારવાર અંગે શ્વાન માલિકોને દવા અને ગ્રોથ તેમજ તકેદારી જેવી બાબતો વિષે જાણકારી અપાઈ હતી, જેનાથી આ ડોગ શો સ્પર્ધક એવા ડોગ અને દરેક શ્વાન માલિકો માટે આ ડોગ શો આનંદોત્સવ બની રહ્યો હતો. આજના આ ડોગ સોમાં ડોગની વિવિધ જાતો જેવી કે જર્મન શેફર્ડ, ડોબરમેન, મીનપીસ, લાસા એપ્સો, મેસટીફ, લેબ્રાડોર, પગ, ગોલ્ડન રીટ્રીવર, ગ્રેટ ડેન સેન્ટ બર્નાડ, પોમેરીયન, કોકર સ્પેનિયલ, ડાલ્મેશિયન, ડેસ હાઉન્ડ, સિત્ઝુ, રોટ્વેલર, પેપીલોની, મલ્ટીસ વિગેરે પણ જોવા મળી હતી. જેમાં સરદાર કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા વેટરનરી હોસ્પિટલ સંચાલિત ડીસા ખાતે પોલીસ શ્વાન સહિતના વિવિધ શ્વાનોથી કામગીરી અને કાબેલિયતનું પણ પ્રદર્શન યોજાયું હતું. જેમાં તપનભાઈ જયસ્વાલનાં રોટ્વેલર જાતીના ડોગ "ટાઈસન"ને વિનર તરીકે વિજેતા જાહેર કરાઈ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ડોગ શો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# આજે બનાસકાંઠા જિલ્લા ભાજપની કારોબારી મળશે

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીની જિલ્લા કારોબારીની બેઠક તા. ૩ ફેબ્રુઆરી-૨૦૧૪,સોમવારે બપોરે ૨.૦૦વાગે જિલ્લા કર્મચારી કલ્યાણતંત્ર ભવન પાલનપુર ખાતે જિલ્લા પ્રમુખ કેશાજી એસ. ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાશે.

આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી અને ઉત્તર ઝોન પ્રભારી શંકરભાઈ ચૌધરી, જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા,. સહપ્રભારી અને સાંસદ શ્રીમતિ જયશ્રીબેન પટેલ, મંત્રી પરબતભાઈ પટેલ, લીલાધરભાઈ વાઘેલા, સંસદસભ્ય હરિભાઈ ચૌધરી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

બેઠકમાં જિલ્લા ભાજપના પદાધિકારીઓ, પ્રભારીઓ, સેલ મોરચાના કન્વીનર, સહકન્વીનર, જિલ્લા કારોબારી સભ્યો, આમંત્રીત અને વિશેષ આમંત્રીતો, વિવિધ મંડલોના પ્રમુખ - મહામંત્રીઓ, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અને ન્યાય સમિતિના ચેરમેનો, નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેન, પક્ષના નેતા, તેમજ પ્રદેશ મોરચાના પદાધિકારી અને કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા જિલ્લા ભાજપ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ધાનેરા-ડીસા રેલવે પુલ પહોળો કરવા આમ આદમી પાર્ટીનો સત્યાગ્રહ

ધાનેરા, તા. ૨

બનાસકાંઠાના ધાનેરા-ડીસાને જોડતા રેલવે પુલનો પહોળો કરવા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા આજથી અચોક્કસ મુદતના પ્રતિક ઉપવાસ સાથે સત્યાગ્રહ શરૂ કરવામાં આવે છે. આ રેલવે પુલને નવો બનાવી પહોળો કરવા માટે ૪ વખત ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યો દ્વારા ખાતમુહૂર્ત પણ કરાયા હોવા છતાં આજ દિન સુધી આ પુલનું નવીનીકરણ થયું નથી.

પુલના નવીનીકરણ બાબતે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર એકબીજાને ખો આપી રહ્યા હોવાનો આક્ષેપ કરતા આમ આદમીના કાર્યકરો સત્વરે પુલ પહોળો કરવાની માંગણી સાથે અચોક્કસ મુદતના સત્યાગ્રહ પર બેઠા છે. રેલવે પુલની બાજુમાં જ મંડપ બાંધી આ અભિયાન હાથ ધરાયું છે. ગુજરાતના મુખ્યમંત્રીના વિકાસના દાવાની પોલ ખોલી રહ્યા હોવાની વાતો સાથે 'આપ'ના મુખ્ય સંયોજક મનોજ જોષીએ આ પુલને ધાનેરાને ડીસા તેમજ રાજસ્થાન સાથે જોડતો હોઈ સામાન્ય લોકોની તકલીફ દૂર કરવા પુલ પહોળો કરવાની માંગણી કરી હતી.



શિહોરી ખીમાણા હાઈવે પર મીની આઈશર ટ્રકમાં અચાનક આગ લાગતા ગાડીનું કેબીન બળીને રાખ થઈ જવા પામ્યું હતું. સદભાગ્યે આ બનાવમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. આ ટ્રકમાં બજાજ કંપનીના ૬ બાઈક લઈ જવાઈ રહ્યા હતા. કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી નેશનલ હાઈવે નં. ૧૪ પર બપોરે ૧૨.૩૦ વાગ્યાના સુમારે પાલનપુર તરફથી આવી રહેલ સફેદ રંગની મીની આઈશર ટ્રકમાં બજાજ કંપનીના ૬ બાઈક ભરીને થરા તરફ જઈ રહી હતી. આ ટ્રક નં. જીજે-૮-વી ૨૧૨૨માં અચાનક આગ લાગી હતી જેથી ડ્રાઈવરે સમય સૂચકતા વાપરી નીચે ઉતરી બુમાબુમ કરતા લોકોના ટોળા ઘટના સ્થળે ધસી આવ્યા હતા અને પાલનપુર કંટ્રોલ રૂમ પર જાણ કરાતા ડીસા નગરપાલિકાનું ફાયર ફાઈટર બોલાવવામાં આવ્યું હતું. આ દરમિયાન હાઈવે ઓથોરીટીનું ટેન્કર આવી જતાં આગને કાબુમાં લેવાઈ હતી. પરંતુ ગાડીનું કેબિન બળીને ખાખ થઈ ગયું હતું. જો કે બનાવમાં ગાડીમાં ભરેલા બાઈકોને કોઈ નુકશાન થયું નહોતું. તેમજ કોઈ જાનહાનિ પણ થઈ ન હોતી. આગ બુઝાવવાની સમગ્ર પ્રક્રિયા પુરી થવા છતાં પોલીસ ઘટના સ્થળે આવી નહોતી તેથી લોકોમાં આ બાબત ચર્ચાને ચકડોળે ચઢી હતી. (તસવીર : આશારામ રાવલ, શિહોરી)



મહેસાણા જિલ્લાના ચરાડુ પ્રાથમિક શાળામાં ૬૫માં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થિનીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન